**<u>નર્મદાનાં મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.રાજપીપળા.</u>**

**:–<u>રેગ્યુ.સીવીલ સ્યુટ નં.૧૧/૨૦૦૬ નાં કામે આંક–૧૬૩ લગત હુકમ</u>–:**

૧) આ કામે પ્રતિવાદી નં.૨ નાં ધ્વારા સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧(એ) મુજબ વાદીનો દાવો રદ કરવા હાલની અરજી આપવામાં આવેલ છે.પ્રતિવાદીની હાલની અરજી સામે વાદી તરફે આંક–૧૭૧ થી જવાબ વાંધાઓ રજુ કરવામા આવેલ છે, જેમા વાદી તેમની દાવા અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદીની અરજીની હકીકતો નો ઈન્કાર કરી પ્રતિવાદીની હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૨) ત્યારબાદ બંને પક્ષોને સાંભળ્યા.પ્રતિવાદી નં.૨ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે,વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી જેથી વાદીનો હાલનો દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) અન્વયે નામંજુર કરવા અરજ છે.જયારે વાદી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે,દાવાવાળી મિલકત વાદીએ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે અને ત્યારથી વાદી દાવાવાળી મિલકતમાં મેડીકલ સ્ટોર ધરાવી ધંધો કરતા આવેલ છે.પ્રતિવાદી નં.૧ નાંએ ગેરકાયદેસર દસ્તાવેજ કરાવી લઈ મિલકતમાં પ્રવેશ કરવા ધાકધમકી આપતા હોય જેથી વાદીને હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોય હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.વાદીએ દાવા અરજીમાં તમામ હકીકતો જણાવેલ હોય પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

૩) સાંભળ્યા.અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. ઉપરોકત રજુઆત તથા કેસ રેકર્ડ ધ્યાને લેતાં તેમજ કાયદાની જોગવાઈ ધ્યાને લેતા કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે,જયારે સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો હોય ત્યારે માત્ર વાદી તરફે રજુ થયેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ જ ધ્યાને લેવા જોઈએ. વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ જાથુનો મનાઈહુકમ મેળવવા દાખલ કરેલ છે અને ત્યારબાદ સુધારા અરજી આપી દાવાવાળી મિલકતનાં વેચાણ દસ્તાવેજથી

માલીક મુખત્યાર બનેલ હોય માલીકીની જાહેરાત સંબંધે દાદ માંગેલ છે.હવે પ્રતિવાદીની જે રજુઆત છે કે,વાદીએ તેમના દાવાના કારણમાં કોઈપણ જગ્યાએ કંઈ વ્યકિતએ,કેટલાં વાગ્યે,કંઈ જગ્યાએ ધાકધમકી આપેલ ? તે બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી અને દાવાનું કારણ આભાસી,છેતરામણું અને કલેવર ડ્રાફટીંગ હોય જેથી વાદીને દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોય વાદીનો હાલનો દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) અન્વયે નામંજુર થવા પાત્ર છે.પરંતુ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧અન્વયેની અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો હોય ત્યારે ફકત અમુક લાઈનો જ પસંદ કરી તે ધ્યાને લેવાની હોતી નથી પરંતુ સમગ્ર દાવા અરજીનું પ્લીડીંગ ધ્યાને લેવાનું હોય છે. સદર કામે વાદી તરફે માર્ક ૩/૨ થી વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં વાદીએ દાવાવાળી મિલકત વેચાણ રાખેલાનું અને દાવાવાળી મિલકતમાં ધંધો કરતા હોવાનું હાલના તબકકે જણાય આવે છે.વાદીએ દાવા અરજી પારા–૧૩ માં સ્પેસીફીક રીતે દાવો દાખલ કરવાનું કારણ દર્શાવેલ છે.આમ વાદીને હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થાય છે કે કેમ ? તે બાબત પુરાવો નોંધ્યા સીવાય નકકી થઈ શકે તેમ નથી. વાદીએ દાવો કરવાનું કારણમાં દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી ધુસી જશે તેવી ભિતી દર્શાવેલ છે.જેથી વાદીએ જાથુના મનાઈહુકમની માંગણી કરેલ છે.આમ વાદીને દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હોવાનું જણાય આવે છે.જેથી પ્રતિવાદીની જે રજુઆત છે કે વાદીને દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તે બાબત ગ્રાહય રાખી શકાય તેમ નથી.વાદીએ દાવા અરજી પારા–૧૦ માં પણ પ્રતિવાદી વિરૂધ્ધ આક્ષેપ કરેલ છે.આમ વાદીને દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાય આવતું હોય જેથી પ્રતિવાદીની જે રજુઆત છે કે વાદીને દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોય જેથી વાદીનો દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) અન્વયે નામંજુર થવા પાત્ર છે તેવી રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યોયોચીત જણાતી ન હોય,ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:- હુકમ -:**

૧) આ કામનાં પ્રતિવાદી નં.ર નાંઓની સી.પી.સી.ઓર્ડર-૭ રૂલ-૧૧(એ) મુજબ વાદીનો દાવો નામંજુર કરવા અંગેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ર) અરજીનો ખર્ચ દાવાનાં આખરીહુકમને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૧૯ મી, માહે-માર્ચ, સને-ર૦ર૪ નાં રોજ ખુલ્લી અદાલત માં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

રાજપીપળા

તા.૧૯/૦૩/ર૦ર૪

(**જનક દેવજીભાઈ સોલંકી**)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
નર્મદા મુ.રાજપીપળા.
જજ કોડ નં. જીજે ૦૦૯૭૯